
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



વીર સં. ૨૪૯૪ | વિ. સં. ૨૦૨૪ | ઇ. સ. ૧૯૬૮

શ્રાવણ–ભાદરવો

પુસ્તક ૮૪ મું | અંક ૧૦-૧૧ | ૫ ઓગસ્ટ–સપ્ટેમ્બર

(૧૧૯) लद्धूण वि आरियत्तणं, अहीणपंचिन्दियया हु दुल्लहा ।
विगलिन्दियया हु दीसई, समयं गोयम ! मा पमायए ॥७॥

૧૧૯. આર્યકુલમાં જન્મ કદાચ મળી ગયો તો પણ પૂરેપૂરી પટુ એવી પાંચે ઇન્દ્રિયો મળવી ખરેખર દુર્લભ છે. ઘણા મનુષ્યો આર્ય હોવા છતાં કોઈ કોઈ ઇન્દ્રિયોથી હીન હોય છે–બહેરાં હોય છે, મૂંગાં હોય છે, આંધળા હોય છે, લંગડાં હોય છે. આવા આર્ય મનુષ્યો પણ બરાબર ધર્માચરણ સમજી શકતા નથી તેમ કરી પણ શકતા નથી. તું આર્ય છે અને સંપૂર્ણ પંચેન્દ્રિય-સંપન્ન છે, માટે હે ગૌતમ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

—મહાવીરવાણી

: પ્રગટકર્તા :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૮૪ મું : : વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી વર્દ્ધમાન મહાવીર : મણકો ત્રીજો–લેખાંક : ૩૩ | (સ્વ. મૌક્તિક) | ૭૪ |
| ૨ | યશોવિજયગણિ અને હરિભદ્રસૂરિ | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ એ.) | ૮૦ |
| ૩ | જપ અને ધ્યાન : ૧૭ | (દીપચંદ જીવણલાલ શાહ) | ૮૨ |
| ૪ | નિષ્ઠા અને સિદ્ધાંતને ભરખી જતો પ્રચાર .... | .... ટાઈટલ પેજ | ૩ |
| ૫ | પ્રભુદીવાની .... .... .... .... | .... ટાઈટલ પેજ | ૪ |


## આભાર

શ્રીયુત ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ અમદાવાદ તરફથી સભાને અમુક પુસ્તિકાઓ ભેટ તરીકે મળેલ છે તે માટે તેમનો આભાર માનવામાં આવે છે.

શ્રીયુત સુધાકર શીવજીભાઇ તરફથી શ્રીયુત શીવજીભાઇના અમુક પુસ્તકો સભાને ભેટ તરીકે મળેલ છે; તે માટે તેમનો આભાર માનવામાં આવે છે.

## સમાલોચના

જૈન દર્શનનું તુલનાત્મક દિગ્દર્શન, લેખક પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ. એ. મૂલ્ય એક રૂા. પ્રાપ્તિસ્થાન : જશવંતલાલ ગિરધરલાલ શાહ, શ્રી જૈન પ્રકાશન મંદિર, દોશીવાડાની પોળ, અમદાવાદ.

ગુજરાતી ભાષામાં સૂત્ર અને તેને વિવરણરૂપે લખવાનો આ પ્રયાસ અભિનંદનને પાત્ર છે. વર્તમાન યુગના અતિ વ્યવસાયી જીવનમાં સામાન્ય માનવીને મોટા ગ્રંથો વાંચવાની ફુરસદ નથી, તેમને આવી પુસ્તિકાઓ ઉપયોગી થશે. સંક્ષેપમાં હોવા છતાં જૈન દર્શનના સિદ્ધાંતો આ પુસ્તિકામાં સારી રીતે સમજાવવામાં આવ્યા છે. ગુરુ પાસેથી આ પુસ્તિકાનો વિશેષપણે અભ્યાસ કરવામાં આવે તો આ બીજરૂપ પુસ્તિકાથી જૈન દર્શનનું વિપુલ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય એમ છે. વાંચનારને જૈન દર્શનનું જ્ઞાન તેમ જ બીજાં દર્શનોનું જ્ઞાન આ પુસ્તિકાથી મળી રહેશે. જૈન તત્ત્વજ્ઞાનના મહાન્ સંગ્રહકાર ભગવાન ઉમાસ્વાતિના રચેલ તત્ત્વાર્થસૂત્રનો આધાર આ પુસ્તિકામાં લેવામાં આવેલ છે. જૈન દર્શન ખરેખર જીવનનું દર્શન છે કારણ કે જૈન દર્શન એ કોઈ સંપ્રદાયવાદ નથી પણ સર્વ સંપ્રદાયોનું સુંદર મિલનસ્થાન એવો સમન્વયવાદ છે.

નયવાદ એ જૈન દર્શનની મોટી વિશેષતા છે કારણ કે નયવાદ એ અપેક્ષાવાદ છે.

## ખેદકારક સ્વર્ગવાસ

આપણી સભાના પેટ્રન શેઠશ્રી મણીલાલ દુર્લભજી ઉ. વર્ષ ૫૬ શ્રાવણ શુદ એકમને દીવસે મોટર અકસ્માતથી સ્વર્ગવાસી થયા છે, તે માટે આ સભા દીલગીરી બતાવે છે. તેઓ સ્વભાવે માયાળુ અને મિલનસાર હતા. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૪ મું
અંક ૧૦-૧૧ | શ્રાવણ–ભાદરવો | વીર સં. ૨૪૯૪
વિક્રમ સં. ૨૦૨૪

## શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૩ જો :: લેખાંક : ૩૩

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

આ એકવીશ ગુણો પર વિવેચન ધર્મરત્નના પ્રથમ ભાગમાં આપવામાં આવ્યું છે. તે પરથી મહાવીરનો ગૃહસ્થાશ્રમ કેવો હતો તે વિચારવાનું આપણને સાધન પ્રાપ્ત થાય છે એટલે આ વિષયને પણ આપણે બહલાવીએ.

આ એકવીશ ગુણો પૈકી કેટલાક ચારિત્રને લગતા છે અને કેટલાક સામાન્ય હોઈ આપણા કબજામાં નથી. આ તફાવત ધ્યાનમાં રાખી આપણે તે ગુણ વર્ધમાનમાં કેવા રમણ કરી રહ્યા હતા તે આ પ્રસંગે વિચારીએ અને તે ગુણને અંગે આપણે પોતે યોગ્ય છીએ કે નહિ તે પર વિચારણા કરીએ, અને ધ્યાનમાં રાખીએ કે આ એકવીશ ગુણો તો માત્ર દ્રવ્ય શ્રાવકના છે, એટલે એ ગુણો જેનામાં હોય તે દેખાવમાં શ્રાવક છે, પણ વસ્તુતઃ ભાવ શ્રાવક છે કે નહિ તે પર તો વિચાર કરવાનો રહેશે. આ વિભાગ તેટલા માટે આપણા લક્ષ્યમાં લઈએ અને સામે જોવાને બદલે પોતાની જાતની યોગ્યતા કેટલી છે તે વિચારીએ. પ્રાણીની સામે જોવાની ટેવ હોય છે અને તેને બદલે પોતે કોણ છે અને શા માટે આ સંસારમાં રખડે છે તેનો પણ તેને અંગે વિચાર કરવાનો છે અને તે વિચાર નિર્ણય કરવાનાં ઘણાં સાધન આ પ્રકારની વિચારણા પૂરા પડશે. આ તો ખરો ધર્મ પામવાની નિશાનીઓ છે, માત્ર તે દર્શકનું કામ કરે છે તેટલું ધ્યાનમાં રાખવું અને આ ગુણો હોય તો ધર્મરત્ન મેળવવાની યોગ્યતા પોતાને મળે છે એટલે ખરેખરી ધર્મની પ્રાપ્તિ કરવી હોય તેનામાં આ ગુણો હોવા જ જોઈએ એમ જાણવાનું છે. આ તો લાયકાત મેળવવાના પૂર્વથી સુંદર ગુણો હોવા જોઈએ, અને ભાવશ્રાવક (ગૃહસ્થ) થવા માટે આ ગુણો જરૂરી છે તે વાત ખાસ ધ્યાનમાં રાખીએ.

આપણે દુનિયાદારીમાંના ઘણા માણસને ઉપરછલ્લા અને ઘણી બાબતમાં તદ્દન સામાન્ય જોઈએ છીએ, તેઓ વાતવાતમાં હસી પડે, લડી પડે તેવા હોય છે અને તેઓની આ દુનિયાને શું પડી છે અથવા તેઓ આ જીવનમાં ક્યાંથી આવી પડ્યા છે અથવા શા હેતુસર આવ્યા છે એવો સવાલ સાધારણ રીતે આપણને થાય. તેઓના જીવન મામુલી, અને કોઈ અન્યને અને પોતાની જાતને ઉપયોગી ન લાગે. તેઓ ચાલ્યા જાય ત્યારે તેનો ખાડો ન પડે અને કોઈ વાતનો તેઓ ગંભીર દેખાવ લઈ શકે નહિ. તેઓની હયાતીની જરૂરિયાત લાગે અને તેઓ જાણે આવી ચઢ્યા છે એમ લાગે. આ જીવનનો અને તેઓનો મેળ ખાય નહિ અને પછી શા માટે તેઓ અહીં છે અને કેવી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ પોતાના આસપાસના સંયોગોને અનુકૂળ થવા પ્રયત્ન કરે, પણ તેઓને અને દુનિયાનો ઘાટ જ બેસે નહિ અને મેળ ખાય નહિ. તેઓ આ જીવન છોડી જાય, ત્યારે તેમને માટે એમ તો ન કહેવાય કે તેઓનું સ્થાન તો ખાલી જ રહેશે. આને બદલે મર્યો તો–બાળતો ઓછો થયો, એમ તે મને માટે કહેવાય. પણ જે ખરો શ્રાવક ( ગૃહસ્થ ) હોય તે અતિગંભીર થયો અને તેનામાં તુચ્છતા તો હોય જ નહિ. એની વિચારણા ઉચ્ચ ભૂમિકાની હોય. વર્ધમાન એવા ઉચ્ચ પ્રકારના હતા કે જો કે એમની કાચી વય હતી, છતાં એવી નાની વયમાં અનેક માણસો તેઓની સલાહ લેવા આવતા અને તેઓ વૃદ્ધ અનુભવીને ઘટે તેવી પ્રૌઢ સલાહ આપતા. આ અક્ષુદ્રતા તેઓમાં નૈસર્ગીક હતી. તેમનામાં બાળક બુદ્ધિ તો હતી જ નહિ અને આ અક્ષુદ્રતા તેઓની જગ જાહેર અને પ્રસિદ્ધ હતી. રાજકારણની અનેક બાબતોમાં તેઓની સલાહ તેમના ફુરસદના વખતમાં લેવામાં આવતી અને તે વખતે તેઓ પોતામાં પીઢતા આવી ગઈ છે એમ લઘુ વયમાં પણ બતાવી રહ્યા હતા. એમની ભાષા અને વિચારમાં પ્રૌઢતા હતી અને પીઢ માણસ જેવી મક્કમતા હતી. બોલતા તે કરી બતાવતા અને કરવું જ જોઇએ એમ માની જાણે કોઇ પ્રકારનો પાડ તેઓ કરતા હોય એમ કદી દેખાવ પણ કરતા નહિ અને એવી માન્યતા પણ ધરાવતા નહિ. તેઓનું આખું વર્તન એક ગદ્ધા પચીશી પસાર કરી ગયેલ પૌઢ માણસને યોગ્ય હતું અને તેઓ અન્યને સલાહ આપતા ત્યારે તેમાં નવા કે નાના રાજદ્વારી માણસની તુચ્છતા નહોતી પણ પ્રૌઢતા જણાતી હતી. આ અક્ષુદ્રતા એ શ્રાદ્ધના ગુણો પ્રાપ્ત કરવાની પહેલાં પ્રાપ્ત કરવાનો ગુણ છે અને તે અવલ દરજ્જાનો છે. વર્ધમાને આ અક્ષુદ્રતા ગુણને પોતામાં કુદરતી હોય તેમ કેળવી એક ખરા સાચા મોટા માણસ તરીકે યોગ્યતા પ્રાપ્ત કરી હતી. આ તેઓની કુદરતી સૌષ્ટવતા સર્વ માણસોની વચમાં તેઓ એક પીઢ માણસ તરીકે બતાવતા હતા અને તેઓમાં આ મોટાઈ નૈસર્ગિક રીતે આવી ગઈ હતી.

(૨) બીજો ગુણ રૂપવાન એટલે સર્વ અંગે સારા રૂપથી સંપન્ન મહાવીર હતા. તેઓની પાંચે ઇન્દ્રિયો સાબૂદ હતી અને સાતહાથની પડછંદ કાયાવાળા તેઓ સર્વાંગે સંપૂર્ણ હતા. તેઓ આંખે અંધ કે કાને બહેરા કે ઓછી વધારે આંગળીવાળા નહોતા અને તેમને જોતાંજ તેઓ બેડોળ હોય એમ લાંબા દાંત કે નાકવાળા નહોતા, પણ તેમનું આખું શરીર સુરૂપ હતું. તેઓ શ્રી (વર્ધમાન) કુમાર સર્વાંગ સંપૂર્ણ હતા અને જે કોઇ જુએ તેને પોતાની તરફનું આકર્ષણ થાય તેવા રૂપ કાંતિના ધરનાર આકર્ષક શરીરવાળા હતા. આ સુરૂપવાન થવું તે પોતાના હાથની વાત નથી. અનેક બેડોળ કે કઘટા પણ પ્રાણીઓ હોય છે. વર્ધમાન તો કસરતી અને બહુ આકર્ષક રૂપ ધારણ કરનાર ભારે સુંદર આકર્ષક શરીરવાળા હતા અને તેમના રૂપમાં આ વજ્રઋષભનારાયણ સંઘનત અને સમચતુરસ્ર સંસ્થાન મદદ કરી રહ્યું હતું. તેઓ એવા સુંદર આકર્ષક શરીરવાળા હતા કે અનેક સ્રીઓ તેમને જોતાં તેમના શરીરની ખાતર તેમના પર મોહી પડતી આવું સર્વાંગ સંપૂર્ણ શરીર તેઓને સર્વ કાર્યમાં મદદરૂપ થઈ પડતું આવું સર્વને લોકપ્રિયરૂપ મળવું એ પણ ભાગ્યની નિશાની છે અને અનેક માણસોને નથી મળતી એ તો કર્માધીન વાત છે. છતાં એ ધર્મ કરવામાં પણ મદદગાર થઈ પડે છે એવું વર્ધમાન કુમાર જાણતા હતા. માતાપિતાએ જન્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી તેઓને અનેક પ્રકારની છૂટ આપી દીધી હતી અને સર્વાંગ સંપૂર્ણતાનો તેઓ પૂરતો લાભ કસરત કરી શરીરને સુંદર રાખતા હતા અને તે તેમની શરીર સૌષ્ઠવતાને કારણે તેઓ ગૃહસ્થ વર્ગમાં પણ ખૂબ માન પામ્યા હતા. આ તેમની સુરૂપતાએ અનેક પ્રાણીઓને તેમના તરફ આકર્ષ્યા હતા અને તે પણ તેમની ગૃહસ્થપણામાં લોકપ્રિયતા હોવાનું એક કારણભૂત બની ગઇ હતી. આવા સ્વરૂપવાનનું વચન આદરણીય થાય છે તેથી સુરૂપવાન થવું કે શરીરે કુરૂપવાન થવું, દાંત ઓખા થવા કે કાને બહેરાપણું આવવું કે શરીર મજબૂત થવું કે સુકલકડી થવું એ વાત પોતાના કબજાની નથી, છતાં પરોપદેશ માટે ખાસ અગત્યની છે અને અનેક અન્ય માણસને તે ધર્મપ્રાપ્તિનું કારણ બને છે એમ માલૂમ પડે છે, તેથી સારા રૂપવાળાં થવું એ પણ અગત્યની બાબત છે.

( ૩ ) વળી વર્ધમાન કુમાર **સ્વભાવથી** જ સૌમ્ય હતા. એ એટલા બધા શાંત હતા કે એમને જોઇને સામાને ક્રોધ થયેલો હોય તે પણ શાંત થઈ જાય. તેમને જુએ કે તેમની સાથે વાત કરે ત્યારે એક જાતનું શાંત વાતાવરણ ચારે તરફ જામી જતું હતું અને મિજાજી માણસો પણ પોતાનો મિજાજ વીસરી જતા હતા, ભૂલી જતા હતા અને ગમ ખાઈ જતા હતા. કોઈ કોઈ માણસો સ્વભાવે જ શાંત હોય છે, તેમના કોઈ વેરી જ નહિ, તેઓ કોઈને ઊંચે સ્વરે બોલાવે નહિ, મુખમાંથી ગાળ કાઢે નહિ અને કોઈ રીતે ગુસ્સે થાય નહિ એટલું જ નહિ પણ સામાને શાંતિના કારણભૂત થઇ પડે. સર્વ સુખોનું મૂળ ક્ષમા છે અને સર્વ દુઃખોનું મૂળ ક્રોધ છે. તે જ પ્રમાણે સર્વ ગુણોનું મૂળ વિનય છે અને સર્વ અનર્થોનું મૂળ માન છે. એવી રીતે સર્વ સ્ત્રીઓમાં તીર્થંકરની માતા ઉત્તમ ગણાય છે, સઘળા મણિઓમાં ચિંતામણિ ઉત્તમ ગણાય છે અને સર્વ લતાઓમાં કલ્પલતા ઉત્તમ ગણાય છે; તે જ પ્રમાણે સર્વ ધર્મોમાં ક્ષમા ધર્મ ઉત્તમ ગણાય છે આ ક્ષમાને પોતાને તાબે કરીને અનેક જીવો નિરંતરને માટે મોક્ષ-સુખ પામ્યા છે અને તેનાં કારણોમાં કષાય પર તેઓએ કરેલ જીત અને પરિષહને પાલન ( સહન ) કરવાનો. તેઓનો નિશ્ચય જ કામ કરે છે. ક્ષમાવાન્ પ્રાણી ક્રોધ કરવાનું કારણ આપનાર ઉપર ક્રોધ કરતા નથી અને વર્ધમાન કુમારને તો પોતાના કામ સાથે કામ હતું. તે તો કોઇને ક્રોધ કરવાનો પ્રસંગ જ આપતા નહિ અને તેથી કોઇ તેમના પર ક્રોધ કરતું જ નહિ. ક્રોધ તો કોઇના સ્વાર્થની આડે આવે ત્યારે તેના ઉપર થાય છે, પણ વર્ધમાન તો અન્ય કોઈની લપ્પન છપ્પનમાં પડતા જ નહિ અને કદી ક્રોધ કરવાનો સામાને પણ પ્રસંગ જ આપતા નહિ. જાતે પ્રકૃતિ સૌમ્ય આ વર્ધમાન કુમારનો કોઈ શત્રુ કે અમિત્ર જ નહોતો અને સર્વ પ્રકારના લોકોમાં તેમનું માન હતું. આ રીતિ તેઓએ રાજનીતિ તરીકે રાખી હતી એમ નહોતું પણ **સ્વભાવે** જ તેઓ સૌમ્ય હતા. આ પ્રકૃતિ સૌમ્ય નામનો ત્રીજો ગુણ તેઓની પછવાડેની જીંદગીમાં બહુ મદદગાર થઇ પડ્યો અને તેમના સાધુજીવનમાં એ સ્વભાવને તેમણે ખૂબ વિકસાવ્યો. વાત કહેવાની એ છે કે તેઓ સ્વભાવે જ નરમ હતા અને એ ગુણ જુવાનીમાં મુશ્કેલ હોય છે તે મેળવીને અને જીવીને તેઓએ આ ગુણને આગળ જતાં ખૂબ બહલાવ્યો અને જય રે આ ક્ષમા પ્રકૃતિથી જ હોય છે ત્યારે ખૂબ શોભે છે.

( ૪ ) અને પોતાના ઉત્તમ વર્તનથી તે લોકપ્રિય હોય છે. આ લોકપ્રિયતા જો કે પરાશ્રિત છે. પણ તે સુશીલ હોવાથી અને સારો દાનવૃત્તિવાળો હોવાથી અને સાર્વત્રિક વિજયી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવાથી તેવો માણસ જનપ્રિય થાય છે. લોકોને તે વહાલો લાગે છે અને લોકો કે ઓળખીતાઓ તેનું સારૂં જ બોલે છે, તેમજ તે લોક વિરૂદ્ધનું કોઇ કામ કરતો જ નથી એટલે તેની લોકપ્રિયતામાં વધારો થાય છે; દાખલા તરીકે એ કોઈની નિંદા કરતો નથી અને ખાસ કરીને ગુણવાન પુરુષોની કદી પણ નિંદા કરતો નથી, ભોળે ભાવે ધર્મ કરનારને કદી હસતા નથી અને લોકોમાં જે પૂજનીય પુરુષો હોય તેનું કદી અપમાન કરતા નથી. આ કારણે તેઓની લોકપ્રિયતામાં ઘણો વધારો થાય છે અને તેમાં નિરંતર વધારો થતો રહે છે. આ રીતે લોકપ્રિય થવું તે પોતાના ગુણ ઉપર જ આધાર રાખે છે. વર્દ્ધમાનકુમાર ઘણા માણસોથી વિરૂદ્ધ હોય તેની સોબત જ કરતા નહિ અને તે વખતે દેશ કાળ અને પોતાના કુળ જાતના આચારથી ઉલ્લંઘન કરતા નહિ. પોતાના કૂળના આચારને અનુસરવું અને તે પ્રમાણે વર્તવું એ પોતાનો ધર્મ માનતા હતા અને આથી લોકોમાં તે ખૂબ લોકપ્રિય થઇ ગયા હતા. તેઓ બહુ ઉદ્દભટ વેશ ન પહેરે, રાજાને શોભે તેવાં કપડાં પહેરે અને ખોટો ભપકો કરવાની તેમને કદી ઇચ્છા જ ન થાય. તેમ જ સારા માણસને કષ્ટમાં પડતાં જોઈ તેમને કદી સારૂં લાગતું નહિ અને પોતે મોટા શક્તિશાળી હોવાથી અન્યના કષ્ટ ટાળવા તે સદા તત્પર રહેતા. આવા પ્રકારના ચારિત્રવાન માણસ લોકપ્રિય થાય તેમાં નવાઇ નથી. તેઓ જીવહિંસા થાય તેવાં કર્માદિ કદી કરતા નહિ, અથવા બીજા પાસે કરાવતા નહિ અને જે કામમાં પરનો જીવ દુઃખાય કે હિંસા થાય તેવું કામ તો ખાસ કરીને કરતા નહિ. આથી આખી પ્રજાને તેઓ પ્રિય થઈ પડ્યા હતા અને તેઓની લોકપ્રિયતામાં દરરોજ વધારો થાય તેવા પ્રસંગો બનતા હતા. અત્યારે પ્રધાનો અપ્રિય થઈ પડ્યા છે તેનું મુખ્ય કારણ તેઓ કર વસુલ કરે છે તે છે. એ ઇન્કમટેક્સ કે સેલ્સટેક્સ પ્રધાનોને અપ્રિય બનાવવા પૂરતા છે, કારણ કે તે સિદ્ધ કરો છે, પણ વર્ધમાનકુમાર તો જગાત લેવાનું કામ પણ કદી હાથ ધરતા નહિ. આ કારણે તેઓની લોકપ્રિયતામાં ઘણો વધારો થતો જતો હતો અને તેઓ કદી જુગાર રમતા નહિ અને જુગારનું જરા પણ તત્ત્વ હોય તેને હાથ પણ લગાડતા નહિ. તેમનામાં જાણીતા [1]સાત વ્યસનમાંથી એક પણ દુર્વ્યસન હતું જ નહિ.

આ દુર્વ્યસનના ત્યાગથી તેઓની લોકપ્રિયતામાં ઘણો વધારો થયો હતો, તેઓ તો આખો વખત દાન, શિયળ, તપ અને ભાવનામાં મસ્ત રહી લોકપ્રિયતામાં વધારો કરી રહ્યા હતા અને તેઓ સમજતા હતા કે સખાવતથી પ્રાણી વશ થાય છે અને તેનાં મનમાં વૈર હોય તો તેને પણ ભૂલી જાય છે. ગુણવાન માણસ અને વિનયવાન માણસ ખૂબ લોકપ્રિય થાય છે અને તેની લોકપ્રિયતા ઉત્તરોત્તર વધતી જ જાય છે. વર્ધમાનકુમાર લોકોમાં બહુ પ્રિય હતા અને તેમાં વધારો જ થયા કરતો હતો.

(૫) વર્ધમાનકુમારે અક્રૂરપણાનો ગુણ વીકસાવ્યો હતો. ક્રૂર એટલે તુચ્છ, પાપી પરિણામવાળો સમજવો; તેવો જે ન હોય તે અક્રૂર પરિણામવાળો સમજવો. પ્રાણીમાં પરમત્સરાદિ, દૈન વગેરે અનેક દુર્ગુણો હોય છે તેની ગેરહાજરી હોવી એ અક્રૂરતા ગુણ છે. જો ગુણની પ્રાપ્તિ કરવી હોય તો પ્રથમ તો દુર્ગુણોને પોતામાંથી હાંકી કાઢવા જોઇએ. આવા ક્લિષ્ટ પરિણામની ગેરહાજરીથી જ માણસમાં અક્રૂરતા આવે છે અને અક્રૂરતા ગુણ

૧. ' જુગાર ( દ્યુત ), માંસ ભક્ષણ દારૂ પીવો ( સુરા ), વેશ્યાગમન, શિકાર કરવા જવું, ચોરી અને પરદારાની ' સેવા એ સાત દુર્વ્યસન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ જો કે નિષેધાત્મક નમ્ર ગુણ છે, પણ તે એક પ્રકારના સારા પ્રતિપાદક ગુણોનું કારણ હોવાથી જરૂરી છે. ક્રૂરતાની ગેરહાજરી અહિંસાની પ્રતિપાદક છે અને તેને સર્વાંગે ગ્રહણ કરવાની હોવાથી આ અક્રૂરતા ગુણથી તેમને પ્રથમ મહાવ્રતમાં ઘણી સીધી સહાય મળી હતી અને તે ગુણને પ્રાપ્ત કરીને જ તેઓ જંપ્યા હતા. કોઈ ગુણમાં વધી જાય કે પૈસામાં વધી જાય તેનો તેઓશ્રી કદી દ્વેષ કરતા નહિ અને અદેખાઈ જેવી ચીજ તો તેઓના વલણમાં જ નહોતી-કુદરતી રીતે સૌમ્ય પ્રકૃતિવાળા તેઓમાં આ અક્રૂરતાનો ગુણ ખૂબ ઝળકી ઊઠયો હતો અને તેથી તેઓની કીર્તિમાં પણ જનતામાં સારો વધારો થયો હતો અને એ સર્વ વાત બરાબર બંધ બેસતી જણાતી હતી. તેઓ સ્વભાવે જ આ અક્રૂરતા ગુણનો વિકાસ કરી રહ્યા હતા અને કોઇ પ્રાણી કે વસ્તુ તરફ ક્રૂર થવું એ તેમના સ્વભાવથી જ વિરૂદ્ધ હતું. આથી અક્રૂરતા ગુણ તેઓમાં સ્વભાવ સિદ્ધ લાગતો હતો. તેઓ રાજ કારણમાં પણ કોઈની અદેખાઈ કરતા નહિ અને પાપીને જોઇને રાજી થતા નહિ. તેઓમાં અન્ય તરફ કોઇ જાતની ક્લિષ્ટતા ન દાખવવી એ કુદરતી થઈ હતી અને આ રીતે તેઓ આ શ્રાદ્ધનો પાંચમો ગુણ ધારણ કરી રહ્યા હતા.

( ૬ ) અને વર્ધમાનકુમાર પાપથી બીનારા હતા. તેઓ પાપથી એટલા ડરનારા હતા કે પાપ થાય તેવો સંભવ હોય તેવું કામ પણ કરવાનું સાહસ કરે નહિ અને અન્યને પાપ કરતા જોઇને તેવાં કામને જોઈ જાણી દૂર જ રહે. તેઓ જાણતા હતા કે અંતે પાપનું ફળ તો પોતે જ ભોગવવું પડે છે, તેથી જેમ તે ન થાય અને તેનાથી દૂર નસાય તેમ વધારે સારૂં. પગ કે શરીર બગાડી તેને સાફ કરી પવિત્ર કરવા કરતાં તે બગડે જ નહિ તો વધારે સારૂં એમ તેમનો અભિપ્રાય હતો. તેથી પાપથી તેઓ નિરંતર ડરતા હતા. આવા પાપભીરૂ માણસો બનતા સુધી પાપની કોઈ પણ પ્રવૃત્તિ કરતા નથી અને તેઓ પાપનાં કામથી નિરંતર ડરતા હતા. જે કામ કરવાથી આ લોકમાં ધરપકડનો ભય રહે અને પરલોક બગડે તેવું કોઇ પણ કામ કરવાનો તેમને ભય હતો, તેમને ધડક થતી હતી અને આવા પાપભીરૂ આત્માઓ પોતાનું કામ ખૂબ સાધે છે. સ્વાભાવિક રીતે જ એમનું વલણ પાપથી દૂર રહેવાનું હોવાથી તેઓથી કોઈ પ્રકારનું પાપ જ થતું નથી અને એવા પાપભીરૂ આત્મા ઘણા હળવા રહે છે. કારણ કે પાપભીરૂઓ નવાં કર્મ બાંધતાં નથી અને જુનાં કર્મોને ખપાવી દે છે અને તેમ કરીને ઓછા કરે છે. આથી આવા પાપભીરૂ આત્માઓને ઇહલોક કે પરલોકનો ભય રહેતો નથી અને પોતે પાપભીરૂ હોઇ ઠગાઇ કે લુચ્ચાઇનાં કોઈ કામ કરતાં જ નથી. તેઓ હિંસા થાય કે અસત્ય બોલવું પડે એવાં કાંઈપણ કામમાં સ્વભાવથી જ પડતા નથી અને પોતાનો અપયશ થાય તેવાં કામથી પણ દૂર રહે છે. આવા પાપભીરૂ માણસો કોઇને સાચું કે ખોટું કલંક આપતા નથી, કોઈ ઉપર આળ ચઢાવતા નથી અને નકામા કડાકૂટ કે કુથળી કરતા નથી. એ તો દીઠે રસ્તે જાય છે અને દીઠે રસ્તે આવે છે અને ખરાબ કામનો ભય હોવાથી તેમાં પડતા જ નથી અને કુદરતી રીતે સીધા અને સરલ બનેલા હોય છે. વર્ધમાન કુમારાવસ્થાથી જ પાપનો બહુ ડર રાખનારા હતા અને બનતા સુધી પાપનાં કાર્યમાં પડતાં જ નહોતા. પ્રાણીને જ્યારે અમુક કામો કરવાનો જ ડર હોય પછી તે પાપમાં પડતો જ નથી, કારણ કે ડર લાગવાથી તેને તે કાર્યનો ડંખ લાગે છે અને જ્યારે ડંખ લાગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યશોવિજયગણિ અને હરિભદ્રસૂરિ

( લેખક : પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ. )

'યશોવિજય' નામની એક કરતાં વધારે વ્યક્તિ થઇ ગઈ છે. એ પૈકી અહીં તો ન્યાયવિશારદ અને ન્યાયાચાર્યના બિરુદથી વિભૂષિત યશોવિજયગણિ પ્રસ્તુત છે. એવી રીતે 'હરિભદ્ર' નામની વ્યક્તિઓમાંથી સમભાવભાવી અને અનેક ગ્રન્થો રચનારા હરિભદ્રસૂરિ અત્ર અભિપ્રેત છે.

(૧) આ બંને જૈન છે–શ્વેતાંબર છે અને મુનિવર છે.

(૨) એ બંને પોતપોતાના યુગના મહારથીઓ છે. હરિભદ્રસૂરિએ બૌદ્ધોની અનેકાન્તવાદને લગતી દલીલોનું ખંડન કર્યું છે ખરું, પરંતુ એઓ બૌદ્ધ સાહિત્યના દ્વેષી નથી. એમણે દિઙ્નાગે રચેલી **ન્યાયપ્રવેશ** નામની બૌદ્ધ કૃતિ ઉપર **શિષ્યહિતા** નામની વ્યાખ્યા રચી છે. એવી રીતે યશોવિજયગણિએ દિગંબરોની કેટલીક માન્યતાઓનું ખંડન કરી કેવલિમુક્તિ અને સ્ત્રીમુક્તિની સિદ્ધિ કરી છે તેમ છતાં **અષ્ટસહસ્રી** નામની દિગંબર કૃતિનું વિવરણ પણ રચ્યું છે એ એમની મનોદશા કેવી ઉદાર હતી તે સૂચવે છે. એ યશોવિજયગણિએ લુંપકોની સામે પણ પ્રબળ પ્રહાર કર્યાં છે અને એ દ્વારા મૂર્તિપૂજા પાછળના રહસ્યનું ઉદ્‌બોધન કર્યું છે.

(૩) બંને મુનિવરોએ જૈન સાહિત્યમાં નવીન અને સંગીન ઉમેરો કર્યો છે. દા. ત ઉપલબ્ધ જૈન સાહિત્યમાં આઠ દૃષ્ટિનું નિરૂપણ કરનારા તરીકે હરિભદ્રસૂરિ પ્રથમ છે, તો શ્વેતાંબર સાહિત્યમાં નવ્ય ન્યાયના વિશિષ્ટરૂપે શ્રીગણેશ માંડનાર તરીકે યશોવિજયગણિ પ્રથમ છે.

(૪) બંને મુનિવરોએ મોટા પ્રમાણમાં સાહિત્યનું સર્જન કર્યું છે હરિભદ્રસૂરિએ ચૌદસો ચુમ્માલીસ ગ્રંથો રચ્યાનું મનાય છે અને એમાંના લગભગ પોણોસો ગ્રંથ આજે મળે છે. એવી રીતે યશોવિજયગણિએ બે લાખ શ્લોક જેટલા ન્યાયવિષયક ગ્રંથો રચ્યા છે અને એમની ઇચ્છા 'રહસ્ય' પદથી અંકિત ૧૦૮ ગ્રંથો રચવાની હતી. એમણે લગભગ ત્રણસો ગ્રંથ રચ્યા છે તે પૈકી મોટો ભાગ નાશ પામ્યો હોય એમ લાગે છે.

(૫) બંને મુનિવરો સિદ્ધહસ્ત લેખક છે--સમર્થ કવિ છે.

(૬) બંને મુનિવરોએ સંસ્કૃત તેમજ પાઇયમાં કૃતિઓ રચી છે. યશોવિજયગણિએ તો જઇણ અરહટ્ટી જેવી પાઇયમાં જ કૃતિ ન રચતાં ગુજરાતી અને હિન્દી જેવી પ્રાદેશિક ભાષામાં પાઇયની–અપભ્રંશની પુત્રી સમી ભાષાઓમાં પણ કૃતિઓ રચી છે.

(૭) બંને મુનિવરોએ જૈન સાહિત્ય ઉપરાંત અજૈનોના પ્રૌઢ અને પ્રાચીન ગ્રંથોનું પરિશીલન કર્યું છે. યશોવિજયગણિએ ઉપનિષદો, **ભગવદ્‌ગીતા** અને યોગવસિષ્ટને એક

---

શ્રી વર્દ્ધમાન–મહાવીર ( પેજ ૭૯ થી ચાલુ )

ત્યારે તે પાપમાં ઘણું કરીને પડતો નથી. તેની Conscience ( કોન્સ્યન્સજ ) પાપમાં પડવાની ના પાડે છે અને તે જાતે પાપ લાગે એવા કામમાં પડતાં ધ્રૂજી ઊઠે છે. મહાવીર આવા પ્રકારના હતા એ ખાસ નોંધવા જેવું છે. એ પાપભીરૂ આત્મા પાપથી ડરી જઇ કોઇ પાપ આદરતા જ નહિ અને તેથી આચરતા જ નહિ. ( ક્રમશઃ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યા બીજી રીતે પોતાની કૃતિઓમાં સ્થાન આપ્યું છે. એમણે પાતંજલ યોગસૂત્ર ઉપર વિવરણ રચ્યું છે.

( ૮ ) બંને મુનિવરોએ પોતપોતાના પુરોગામીઓના ગ્રન્થો ઉપર વૃત્તિ રચી છે. તેમાં વિદ્યાવારિધિ ઉમાસ્વાતિ કૃત **તત્વાર્થાધિગમ સૂત્ર** અને એનું સ્વોપજ્ઞ ભાષ્ય તો બંને મુનિવરોના [1]સ્પષ્ટીકરણથી વિભૂષિત છે. હરિભદ્રસૂરિએ કેટલીક આગમોની ટીકા રચી છે જ્યારે યશોવિજયજીગણિએ એકેની ટીકા રચી નથી.

( ૯ ) હરિભદ્રસૂરિએ લાક્ષણિક સાહિત્યનાં વ્યાકરણ, કોશ, છંદ અને અલંકાર નામના અંગો પૈકી એકેને લગતી કૃતિ રચી જણાતી નથી, જ્યારે યશોવિજયગણિએ તો વ્યાકરણને અંગે તિઙન્વયોક્તિ રચી છે અને છંદ અને અલંકારને અંગે વિવરણાત્મક સાહિત્ય સર્જ્યું છે.

યશોવિજયગણિએ હરિભદ્રસૂરિની પ્રશંસા કરી છે એમ " સાડી ત્રણસો ગાથાનું સ્તવન " જે આ ગણિએ રચ્યું છે તેની પંદરમી ઢાળની નિમ્નલિખિત અગિયારમી કડી જોતાં જણાય છે:

" સુવિહિત ગચ્છ કિરિયાનો ધોરી,
શ્રી હરિભદ્ર કહાય;
એહ ભાવ ધરતો તે કારણ.
મુજ મન તેહ સુહાય. ધન૦ ૧૧

યશોવિજયગણિએ હરિભદ્રસૂરિ કૃત વિવિધ ગ્રન્થોનો યથેષ્ટ લાભ લીધો છે.

૧. **માર્ગપરિશુદ્ધિ** એ હરિભદ્રસૂરિ કૃત **પંચવત્થુગ**ની સંક્ષિપ્ત આવૃત્તિ છે.

૨. **ઉવએસરહસ્સ** ( ઉપદેશ રહસ્ય ) એ હરિભદ્રસૂરિ કૃત **ઉવએસપય**ના ઉત્તરાર્ધને આધારે યોજાયેલી કૃતિ છે.

૩. **આઠ યોગદૃષ્ટિની સજઝાય** એ હારિભદ્રીય **યોગદૃષ્ટિસમુચ્ચય**ના આધારે યોજાઈ છે.

૪. " સમકિત ( સમ્યક્ત્વ )ના સડસઠ બોલની સજઝાય " એ **સમ્યક્ત્વ સપ્તતિકા**ને નામે ઓળખાવાતી અને હરિભદ્રસૂરિએ રચેલી મનાતી કૃતિના આધારે યોજાયેલી છે.

યશોવિજયગણિએ હરિભદ્રસૂરિકૃત નિમ્નલિખિત ગ્રંથો ઉપર ટીકા રચી છે.

(૧) [1]શાસ્ત્રવાર્તાસમુચ્ચય અને એની સ્વોપજ્ઞ વૃત્તિ.

(૨) [2]ષોડશક.

(૩) યોગવિંશિકા, [3]અને બીજી ઓગણીસ વિંશિકા.

યશોવિજયગણિએ પોતાની કેટલીક કૃતિમાં હારિભદ્રીય ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે. દા. ત. "સવાસો ગાથાનું સ્તવન" ( ઢાલ ૬ )માં **પંચાસગ**, "સાડી ત્રણસો ગાથાનું સ્તવન"ની ઢાલ ૧, ૨ અને ૫ માં **ઉવએસપય**, ઢાળ ૧–૨ માં **પંચવત્થુગ**, ઢાળ ૫–૬ માં **પંચાસગ** તેમજ ચોથી ઢાળમાં વીસવીશી (પહેલી) અને પહેલી ઢાળમાં યોગવીશી.

૧. હરિભદ્રસૂરિની ટીકા કોઈ કારણસર અધૂરી રહી છે, તો યશોવિજયગણિની ટીકા પૂરી રચાઈ હોય તો તે સંપૂર્ણ મળતી નથી.

૧ આની ટીકાનું નામ **સ્યાદ્વાદકલ્પલતા** છે. એ ટીકા નવ્ય ન્યાયથી અલંકૃત છે.

૨ આની ટીકાનું નામ **યોગદિપિકા** છે.

૩ જુઓ **સુજસવેલીભાસ**–સાર્થના અંતમાં છપાયેલી યશોવિજયગણિકૃત ગ્રંથોની યાદી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જપ અને ધ્યાન (૧૭)

લેખક : દીપચંદ જીવણલાલ શાહ

જૈન ધર્મમાં આત્મ કલ્યાણ કરવાના ઘણા માર્ગો જ્ઞાની પુરૂષોએ બતાવ્યા છે. તેમાં જે સાધકને જે માર્ગ અનુકુળ આવ્યો હોય તે સાધકને માટે તે માર્ગ ઉપયોગી છે છતાં યોગ માર્ગ ટુંકો છે. દઢપ્રહારી અને ચિલાતી પૂત્ર જેવા ક્રુર કર્મો કરનારા પણ યોગના અવલંબનથી તે જ ભવમાં મોક્ષ મેળવી શકયા છે. યોગ માટે યોગદૃષ્ટિ સમુચ્ચય નામનો ગ્રંથ શ્રીમદ્ હરિભદ્રસૂરિએ રચેલ છે તેમાં જૈન દૃષ્ટિએ યોગ શું છે તેનું વિશિષ્ટ સ્વરૂપે નિરૂપણ કરેલ છે. આ ગ્રંથની અંદર આઠ દૃષ્ટિ (૧) મિત્રા, (૨) તારા, (૩) બલા, (૪) દીપ્રા, (૫) સ્થિરા, (૬) કાંતાં, (૭) પ્રભા અને (૮) પરા ઉપર સંપૂર્ણ પણે વિવેચન કરેલ છે. યોગના આઠ અંગો (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયમ, (૫) પ્રત્યાહાર, (૬) ધારણા, (૭) ધ્યાન અને (૮) સમાધિનો સમાવેશ આ આઠ દૃષ્ટિમાં અનુક્રમથી સમજાવેલ છે. તથા ખેદ આદિ આઠ દોષો આ આઠ દૃષ્ટિમાં અનુક્રમે કેવી રીતે ચાલ્યા જાય છે અને અદ્વેષ આદિ આઠ ગુણો કેવી રીતે પ્રાપ્ત થાય છે તેનું સુંદર રીતે વર્ણન કરેલ છે. શરૂઆતમાં યોગ પ્રાપ્તિના ઉપાયો નીચે પ્રમાણે છે.

(૧) દેવગુરૂ પૂજન

(૨) દાન

(૩) સદાચાર નીતિના ઉત્તમ નિયમોને અનુસરવા તેને સદાચાર કહે છે.

(૪) તપ : તપ કરવાથી ઇંદ્રિયો પર સંયમ આવે છે. વળી અભ્યંતર તપથી માનસિક વૃત્તિઓ ઉપર કાબૂ આવે છે.

દૃષ્ટિ એટલે દર્શન અથવા બોધ. તેના બે પ્રકાર છે. (૧) ઓઘદૃષ્ટિ (૨) યોગદૃષ્ટિ. ઓઘદૃષ્ટિમાં આત્માનું વલણ સંસાર તરફ હોય છે અને યોગદૃષ્ટિમાં મોક્ષતરફ હોય છે. ઓઘદૃષ્ટિમાં સંસાર તરફનું વલણ છતાં આવરણના તરતમ ભાવે (ઓછા વત્તા પ્રમાણે) જ્ઞાન તારતમ્યવાળું હોય છે.

આ જીવે જે જે ધર્મઅનુષ્ઠાનો કર્યા છે તે મોટે અંશે ઓઘદૃષ્ટિથી જ એટલે કે વગર સમજણે કરેલ છે, તેથી જીવ આગળ આગળ વધી શકેલ નથી. જ્યારે ભવ્યતાનો પરિપાક થાય છે ત્યારે જીવને મિત્રાદિ દૃષ્ટિઓ પ્રાપ્ત થાય છે અને વાસ્તવિક રીતે ગુણઠાણાની ગણત્રી થાય છે. મિત્રાદૃષ્ટિથી પ્રથમ ગુણસ્થાનકની શરૂઆત થાય છે અને ચોથી દીપ્રાદૃષ્ટિ સુધી પ્રથમ ઉત્કૃષ્ઠ સ્વરૂપનું પ્રથમ ગુણસ્થાનક હોય છે. તે વખતે સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ હોતી નથી. જ્યારે પાંચમી સ્થિરાદૃષ્ટિ પ્રાપ્ત થાય છે ત્યારે જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. એટલે કે આત્માનું સત્ય સ્વરૂપ સમજાય છે. ત્યાર પછી છઠ્ઠી કાંતાદૃષ્ટિ પ્રાપ્ત થાય છે તે વખતે દેશવિરતિ નામનું ચોથું ગુણસ્થાનક અને સર્વવિરતિ નામનું પાંચમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે અને જીવ નિરતીચાર રીતે ચારિત્ર પાળે છે. સાતમી પ્રભાદૃષ્ટિ પ્રાપ્ત થતાં સામર્થ્ય યોગનો પ્રથમભેદ ધર્મ સંન્યાસ પ્રાપ્ત થાય છે. અહીં જીવ ક્ષપકશ્રેણી માંડે છે અને અપૂર્વકરણ પ્રાપ્ત થાય છે અને જીવ આઠમા ગુણઠાણાથી આગળ આગળ વધતાં તેરમું ગુણઠાણુ અને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરે છે. આઠમી પરાદૃષ્ટિ પ્રાપ્ત થતાં સામર્થ્યયોગનો બીજો પ્રકાર પ્રાપ્ત કરે છે અને ચૌદમા ગુણઠાણે મન વચન કાયાના યોગનો નિરોધ કરી મોક્ષ મેળવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપૂર્વકરણ–જીવને ધર્મના સારા અનુષ્ઠાનો કરતાં કયારે પણ નહિ આવેલો એવો આત્માનો અપૂર્વ અધ્યવસાય–પરિણામ ઉત્પન્ન થવો તેનું નામ અપૂર્વકરણ છે. આ અપૂર્વકરણનું ફળ રાગ દ્વેષરૂપી ગાંઠ છે તેનો છેદ કરવો તે છે અને આ ગ્રંથિ છેદનું ફળ સમ્યક્દર્શનની પ્રાપ્તિ છે. આ સમ્યક્દર્શનથી જડચૈતન્યનું જ્ઞાન થાય છે. સમ્યક્ દર્શનના પાંચ લક્ષણો છે. ૧. પ્રશમ (સમભાવ), ૨. સંવેગ (સંસાર પર ઉદાસિનતા), ૩. નિર્વેદ (વૈરાગ્ય), ૪. અનુકંપા અને ૫. આસ્તિકતા. આ લક્ષણો આપણામાં હોય તો જાણવુ કે આપણામાં સમ્યક્ત્વ છે.

સત્શ્રદ્ધાસંગી બોધને દૃષ્ટિ કહે છે. આવા પ્રકારની દૃષ્ટિથી હલકી પ્રવૃત્તિ અટકી પડે છે અને શુભ પ્રવૃત્તિ તરફ ગતિ થાય છે. મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા અને પરા. આઠ દૃષ્ટિ દ્વારા આત્માનો ઉન્નતિક્રમ બતાવાય છે.

પહેલી ચાર દૃષ્ટિઓ મિથ્યાદૃષ્ટિવાળા જીવોમાં પણ હોય છે. મિથ્યાત્વ ભાવમાં તણાતો આત્મા જ્યારે ઓઘદૃષ્ટિ ત્યજી દે છે ત્યારે તે આગળ વધે છે. વડિલના ધર્મને અનુસરવું, પોતાની અક્કલનો ઉપયોગ ન કરવો તેને ઓઘદૃષ્ટિ કહે છે. જ્યારે છેલ્લું પુદ્‌ગલ પરાવર્ત્ત પ્રાપ્ત થાય છે ત્યારે આત્મા યોગદૃષ્ટિ પ્રાપ્ત કરે છે. આઠ દૃષ્ટિના સમુચ્ચયને યોગદૃષ્ટિ કહે છે.

પ્રથમ મિત્રાદૃષ્ટિમાં યોગનું પ્રથમ અંગ યમ પ્રાપ્ત થાય છે. અહિંસા, સત્ય, અસ્તેય, મૈથુન વિરમણ અને અપરિગ્રહતા એ પાંચ યમ છે. આ દૃષ્ટિમાં બોધ વિજળીના ઝબકારા જેવો નજીવો હોય છે. આ દૃષ્ટિનું લક્ષણ "અખેદ" એટલે જીવને શુભ કાર્ય કરતાં જરા પણ કંટાળો આવતો નથી અને પુસ્તકોના "સ્વાધ્યાય. મનન, નિદિધ્યાસન" આદિમાં તેને આકર્ષણ હોય છે.

બીજી તારાદૃષ્ટિમાં યોગનું બીજુ અંગ નિયમ પ્રાપ્ત થાય છે. નિયમ પાંચ પ્રકારના છે. (૧) શૌચ, (૨) સંતોષ, (૩) તપ, (૪) સ્વાધ્યાય અને (૫) ઇશ્વરપ્રણિધાન (આત્મતત્ત્વનું ચિંતવન કરવું) આ દૃષ્ટિમાં જીજ્ઞાસાગુણ એટલે કે તત્ત્વજ્ઞાન મેળવવાની અભિલાષા પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિમાં વર્તતા જીવને યોગ વિષેની કથા પર પ્રેમ આવે છે અને સંસારી વાતો પર આનંદ આવતો નથી.

ત્રીજી બલાદૃષ્ટિમાં ગ્રંથીભેદની નજીક આત્મા આવી જાય છે. આદૃષ્ટિમાં "શુશ્રૂષા" (તત્ત્વ શ્રવણની ઇચ્છા) ઉત્પન્ન થાય છે.

ચોથી દીપ્રાદૃષ્ટિમાં ચતુર્થ અંગ પ્રાણાયામ પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિમાં બાહ્યભાવનો રેચક થાય છે. અંતરભાવનો પૂરક થાય છે અને સ્થિરતાભાવનો કુંભક થાય છે. આ દૃષ્ટિમાં રહેલ પ્રાણીને ધર્મ પર પ્રીતિ થાય છે. આ દૃષ્ટિમાં રહેલ પ્રાણી અપૂર્વકરણવડે ગ્રંથી ભેદ કરી સમકિત પામે છે, અનાદિકાળના મિથ્યાત્વની ગાંઠને છેદવારૂપને ગ્રંથી ભેદ કહે છે. સમ્યકત્વ પ્રાપ્ત થયું હોય છે તેનામાં ઉચ્ચ સદ્‌ગુણો હોય છે એટલે કે તે જીવમાં માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો હોય છે.

પાંચમી સ્થિરાદૃષ્ટિમાં તત્ત્વબોધ રત્નપ્રભાતુલ્ય હોય છે. જે બોધ થાય છે તે બોધ દીર્ઘકાળ સુધી રહે છે. પણ તે તદ્દન શુદ્ધ હોતો નથી. આ દૃષ્ટિમાં વિષયવિકારમાં ઇંદ્રિયોને ન જોડવારૂપ પ્રત્યાહાર નામનું યોગનું પાંચમું અંગ પ્રાપ્ત થાય છે.

છઠ્ઠી કાંતાદૃષ્ટિમાં જીવને ધારણા નામનું યોગનું છઠ્ઠું અંગ પ્રાપ્ત થાય છે આ દૃષ્ટિવાળા જીવમાં ચિત્તની ચપળતા ઓછી થાય છે અહીં જીવને મીમાંસા નામનો ગુણ પ્રાપ્ત થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે એટલે કે નકામા વિચારો પર અંકુશ આવે છે અને જીવ સાતમું ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે.

સાતમી પ્રભાદૃષ્ટિમાં તત્ત્વનો જે બોધ થયેલ હોય છે એ બોધ ધ્યાનનું નિમિત્ત બને છે. આ દૃષ્ટિમાં યોગનું ધ્યાન નામનું સાતમું અંગ પ્રાપ્ત થાય છે. એક વસ્તુ પર ચિત્તની એકાગ્રતાને ધ્યાન કહે છે. ધારણામાં વૃત્તિનું એક દેશમાં (અમુક અંશમાં) સ્થાપન કરી ધ્યેય વસ્તુનું સ્વરૂપ રચવામાં આવે છે અને તે સિદ્ધ થવાથી જે વસ્તુમાં જે વૃત્તિનો એકાકાર પ્રવાહ ચાલે છે તે ધ્યાન છે. ધ્યાનમાં જે પ્રવાહ ચાલે છે તે સતત ધારારૂપ હોતો નથી પણ વિચ્છેદવાળો હોય છે. આ વિચ્છેદ દૂર થાય છે ત્યારે અવિચ્છિન્ન પ્રવાહ ચાલે છે ત્યારે તેને સમાધિ કહે છે.

આઠમી પરાદૃષ્ટિમાં સમાધિ નામનું યોગનું આઠમું અંગ પ્રાપ્ત થાય છે.

ભાવનાયોગ :—મૈત્રી, કરૂણા, મુદિતા (પ્રમોદ) અને ઉપેક્ષા એ ચાર ભાવનાયુક્ત તત્ત્વના ચિંતવનને (જીવ, અજીવાદિ તત્ત્વ, કર્મ સ્વરૂપ વગેરે આત્મિક બાબતોનો શાસ્ત્ર અનુસાર ચિંતવન)ને અધ્યાત્મ કહે છે. અધ્યાત્મ ભાવમાં રસ લેનાર મુમુક્ષુએ દરરોજ વધારે વધારે સ્વાધ્યાય કરી વિચારણાપૂર્વક આત્મ ચિંતવન કરવું અને અશુભ વિચારોનો ત્યાગ કરવો તેને ભાવના કહે છે. ભાવના યોગમાં અનિત્યાદિ બાર ભાવના બતાવી છે. હૃદયને અસર કરનાર હોવાથી ભાવનાઓ જૈન દૃષ્ટિએ યોગમાં અગત્યનો ભાગ ભજવે છે. વિષાદગ્રસ્ત અવસ્થામાંથી ચિત્તને દૂર રાખનાર અને શાંતભાવ પમાડનાર ભાવનાઓ ચિત્તની વ્યાકુળતાને દૂર કરે છે.

ભાવનાયોગની પછીનું પગથિયું ધ્યાનયોગ છે. ચિત્તના આઠ દોષોનો અનુક્રમે નાશ થતો જાય છે તેથી ધ્યાનયોગ ક્રમે ક્રમે વૃદ્ધિ પામતો જાય છે. એ આઠ દોષ નીચે પ્રમાણે છે.

(૧) ખેદ :—પ્રવૃત્તિ કરવાથી થાક લાગે તે ખેદ.

(૨) ઉદ્વેગ :—યોગના પર અનાદર થવો તે.

(૩) ભ્રમ (શંકા) :—મનમાં વિપર્યય થવો તે. દાખલા તરીકે રજ્જુમાં સર્પનું જ્ઞાન.

(૪) ઉત્થાન :—અહીં આત્મા વર્તન શાસ્ત્ર વિહિત રીતે કરે છે પણ એકાકાર વૃત્તિના અભાવથી તેનો ત્યાગ નકામો થઈ પડે છે.

(૫) ક્ષેપ :—ક્રિયા કરતાં કરતાં વચ્ચે બીજી ક્રિયા કરવા તરફ દોરવાઈ જવું.

(૬) આસંગ :—આદરેલ અનુષ્ઠાનમાં પ્રગતિ કરવાનું લક્ષ્ય રહે નહિ.

(૭) અન્યમુદ્ :—પ્રતિક્રમણાદિ જે વિહિત ક્રિયા બતાવી હોય તેનાથી અન્ય ક્રિયાઓ ઉપર રાગ.

(૮) રૂજા ,—સમ્યગ્ અનુષ્ઠાનનો ઉચ્છેદ કરવો તે.

ઉપરના આઠ દોષોના પરિહારથી અનુક્રમે આઠ દૃષ્ટિઓ પ્રાપ્ત થાય છે દરેક દૃષ્ટિમાં એક એક દોષ દૂર થાય છે અને નીચે જણાવેલા અદ્વેષાદિ આઠ ગુણો પૈકી એક એક ગુણ દરેક દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે.

(૧) અદ્વેષ :—જ્યારે પહેલી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે ત્યારે દ્વેષ ઘણો મંદ પડી જાય છે, અને કરૂણા અંશ વધે છે.

(૨) જીજ્ઞાસા :—આ ગુણ બીજી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. આ ગુણથી સાધકને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની જીજ્ઞાસા થાય છે.

(૩) શુશ્રૂષા :—આ ગુણ ત્રીજી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. ત્રીજી દૃષ્ટિવાળા સાધકને તત્ત્વ શ્રવણ કરવાની ઈચ્છા થાય છે.

(૪) શ્રવણ :—આ ગુણ ચોથી દૃષ્ટિમાં પ્રાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. હવે મુમુક્ષુ તત્ત્વ શ્રવણ કરે છે તેથી ધર્મ ઉપર પ્રીતિ વધે છે.

(૫) બોધઃ–આ ગુણ પાંચમી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. ઉપરની ચાર દૃષ્ટિમાં જે બોધ હતો તે કરતાં આ દૃષ્ટિવાળા મુમુક્ષુને સ્થિર બોધ થાય છે. જે કાંઈ શંકા થતી હતી તે અહીં વિરમે છે અને સૂક્ષ્મ પ્રકારનો બોધ થાય છે.

(૬) મીમાંસાઃ–આ ગુણ છઠ્ઠી દૃષ્ટિમાં થાય છે, તત્ત્વ સંબંધી વિચારશ્રેણી પ્રાપ્ત થાય છે.

(૭) પરિશુદ્ધ પ્રતિપત્તિઃ–આ ગુણ સાતમી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. તત્ત્વની આદરણા સૂક્ષ્મ રીતે થાય છે.

(૮) પ્રવૃત્તિઃ–આ ગુણ આઠમી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. આત્મગુણમાં સંપૂર્ણ રીતે પ્રવર્તન થાય છે.

વળી આઠ દૃષ્ટિમાં રહેલ બોધ નીચે પ્રમાણે હોય છે—

(૧) મિત્રાદૃષ્ટિની અંદર બોધ તૃણાગ્નિના કણ જેવો હોય છે. તેથી દેવગુરુ વંદનમાં વિકલતા આવે છે.

(૨) તારાદૃષ્ટિમાં બોધ છાણાના અગ્નિના કણ જેવો છે.

(૩) બલાદૃષ્ટિમાં કાષ્ટાગ્નિના કણ જેવો બોધ હોય છે. તેથી પૂજાદિ સારૂં કાર્ય કરી શકાતું નથી તેથી પ્રભુપૂજાદિ સારા કાર્યો કરવામાં પ્રીતિ થાય છે.

(૪) દીપ્રાદૃષ્ટિમાં બોધ દીવાની પ્રભા જેવો છે. તેથી આત્મા દ્રવ્યથી અને ભાવથી દેવપૂજા, ગુરુભક્તિ વગેરે કાર્યોમાં સમજણ-પૂર્વક પ્રવૃત્તિ કરે છે.

(૫) સ્થિરાદૃષ્ટિમાં બોધ રત્નની કાંતિ જેવો હોય છે, તેથી સારા કાર્યોમાં પ્રવૃત્તિ બહુ પ્રીતિથી સમજણપૂર્વક કરે છે અને અસત પ્રવૃત્તિ કરતો નથી. આ દૃષ્ટિ જે રાગદ્વેષરૂપી કર્મની ગાંઠને ભેદે છે તેને હોય છે, તેથી આ દૃષ્ટિવાળાને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. અને આત્મા ચોથું અથવા પાંચમુ ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે.

(૬) કાંતાદૃષ્ટિમાં બોધ તારાની કાંતિ જેવો છે. પાંચમી દૃષ્ટિ કરતાં આ દૃષ્ટિવાળા આત્મામાં બોધ ઘણો સારો હોય છે. ધર્માનુષ્ઠાનોમાં અતિચાર લગાડતો નથી.

(૭) પ્રભાદૃષ્ટિમાં સૂર્યના પ્રકાશ જેવો બોધ હોય છે. આત્મા આત્મ ધ્યાનમા લીન રહે છે. આ દૃષ્ટિમાં સંકલ્પ વિકલ્પો હોતા નથી.

(૮) પરાદૃષ્ટિમાં ચંદ્રમાની ચંદ્રિકા જેવો સૂક્ષ્મ બોધ હોય છે. નિરંતર આત્મ સ્વરૂપમાં રમણતા કરવારૂપ ધ્યાનમાં આત્મા લીન રહે છે. આ દૃષ્ટિમાં વર્તતા આત્માને પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનોની જરૂર રહેતી નથી.

મન, વચન અને કાયાની પ્રવૃત્તિને યોગ કહે છે. આ યોગ કર્મબંધનું કારણ છે, એટલે કે જ્યાં સુધી મન, વચન અને કાયાના યોગો ચાલુ છે ત્યાં સુધી સંસાર છે. તેથી તેમના યોગ બંધ પડે ત્યારે સંસારથી છૂટકારો થાય છે. આ યોગ નિરોધની સ્થિતિ આત્મા (જીવ) ચૌદમે ગુણઠાણે મેળવે છે માટે મન, વચન કાયાના યોગથી રહિત થવા માટેના સર્વ પ્રયત્નો હોય છે. આ યોગ વિનાની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે પ્રથમ મન, વચન અને કાયાને દુષ્પ્રવૃત્તિમાંથી દૂર કરી સત્પ્રવૃત્તિમાં જોડવાની જરૂર છે. તેથી સત્પ્રવૃત્તિમાં સતત જોડાયેલા રહેવું તેને શુભ યોગ કહે છે. જડ રીતે જે મન, વચન કાયાને જકડી રાખવામાં આવે છે તે ખરી રીતે યોગ નથી. શુભ પ્રવૃત્તિ-રૂપ યોગ વિકાસના ત્રણ ભેદો છેઃ (૧) ઇચ્છા-યોગ, (૨) શાસ્ત્રયોગ અને (૩) સામર્થ્યયોગ.

યોગ શબ્દનો અર્થ જૈન શાસ્ત્ર પ્રમાણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધ થાય છે. સંસારના સર્વ સંબંધો ક્ષણિક છે પણ અવિનાશી સંબંધ કોઈ હોય તો તે મોક્ષ સાથેનો છે, તેથી તે સંબંધ કરાવનાર જે સાધન તેને યોગ કહે છે. તેથી જે કોઈ મનુષ્ય આત્મ વિકાસની ભૂમિકાએ આવે છે તે યોગની ભૂમિકાઓ છે. અશુભ કર્મના આશ્રવને રોકી શુભ કર્મના આશ્રવ તરફ આત્માને લઈ જવો એ શુભ યોગ છે. આવા પ્રકારના યોગમાં આગળ આગળ વધતો આત્મા તેરમા ગુણસ્થાનક સુધી પહોંચે છે. શુભ પ્રવૃત્તિનો વિકાસ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ આત્મા મોક્ષાભિમુખ બનતો જાય છે. હવે તે આગળ વધતો આત્મા કયાં સુધી પહોંચ્યો છે તેને તપાસવું એ યોગ દૃષ્ટિ છે.

ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ એ યોગના ત્રણ પ્રકાર છે. આત્મા દૃષ્ટિયોગમાં આગળ આગળ વધતો જાય ને પોતાનાં આચરણનું નિરીક્ષણ કરે છે ત્યારે તે તે દૃષ્ટિ-યોગના સ્વરૂપ સાથે મેળ ન જણાય એટલે તે આત્મા નિરાશા અનુભવે છે. તે સમયે ઇચ્છાદિ યોગોના સ્વરૂપની સમજ તેને નિરાશ થવા દેતી નથી. દૃષ્ટિયોગના પગથિયાં ચડવા માટે ઇચ્છાયોગ દોરીની ગરજ સારે છે. જ્યાં સુધી યોગનું હૃદય (સ્વરૂપ) હાથમાં આવતું નથી ત્યાં સુધી ચિત્ત સ્થિર થતું નથી, તેથી ઇચ્છાયોગથી યોગના સ્વરૂપનું ભાન થાય છે. આત્મા જ્ઞાની હોય અને અધ્યાત્મમાં આગળ વધવા માટે જુદા જુદા ઉપાયો તેણે શાસ્ત્રોથી જાણ્યા હોય, તે ઉપાયો પ્રમાણે વર્તવાની તેને પૂરેપૂરી ઇચ્છા હોય છતાં પ્રમાદ તેને તે પ્રમાણે આગળ વધવા દેતો નથી ત્યારે તે હતાશા અનુભવે છે. ત્યારે ઇચ્છાયોગ આલંબનરૂપ થાય છે, આવી સ્થિતિમાં આત્માનો વિકળ ધર્મવ્યાપાર ને ઇચ્છાયોગ કહે છે. ઇચ્છાવાળો આત્મા યોગી છે. યોગને પહેલે પગથીએ છે અને દેશકાળની મર્યાદા સાચવીને ધર્મકરણી કરશે તો તેને જરૂર લાભ થશે.

પ્રતિક્રમણ વગેરે ધર્મક્રિયાઓ કઈ રીતે કરવી તે વ્યવસ્થા શાસ્ત્રમાં સમજાવી છે. ધર્મ કરવાની રુચિવાળો આત્મા તે પ્રમાણે ધાર્મિક ક્રિયા કરવાના પ્રયત્નો કરે તે વખતે પ્રમાદ (આળસ) તેમાં થોડી ઘણી આડખીલી કર્યા કરે છે તો પણ આત્મા તેના પ્રયત્નોથી પાછો ન હઠે ત્યારે આત્માના ધર્મવ્યાપારને ઇચ્છા-યોગ કહે છે.

ઇચ્છાયોગમાં આત્માને પ્રમાદ ભૂલવાડે છે, પણ શાસ્ત્રયોગમાં આત્મા પ્રમાદને વશ થતો નથી. શાસ્ત્રયોગ પ્રમાણે આચરણ કરતાં આત્માનું વર્તન જરા પણ આગમ વિરોધી હોતું નથી. શાસ્ત્રયોગ આત્માને પૂર્વના ભાગ્યોદયે મળે છે. પ્રથમ શાસ્ત્ર ઉપર શ્રદ્ધા, બીજું શાસ્ત્રનું ઊંડું અવગાહન, ત્રીજું પોતાની શક્તિનું પૂરેપૂરું ભાન અને ચોથું પ્રમાદ પર વિજય હોય ત્યારે આત્મા શાસ્ત્રયોગ આચરી શકે છે.

મોક્ષમાર્ગમાં ધર્મને રસ્તે જ્યારે આત્મા આગળ વધે છે ત્યારે તેને અમુક રીતો આપ મેળે સૂઝ પડવા માંડે છે અને પોતાની શક્તિ પર તેને વિશ્વાસ જાગૃત થાય છે; તે વખતે સ્વસામર્થ્યને જરા પણ ગોપવ્યા વિના જે આચરણ કરે છે તેને સામર્થ્યયોગ કહે છે. શુકલ ધ્યાનમાં આગળ વધતા અને ક્ષપકશ્રેણી સન્મુખ થતો આત્મા આ યોગની કક્ષાનો હોય છે. સામર્થ્યયોગની શુદ્ધ સ્થિતિ પ્રાપ્ત થાય છે ત્યારે આત્મા થોડા વખતમાં કેવળ-જ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે જૈન દૃષ્ટિએ યોગનું સંક્ષિપ્ત સ્વરૂપ કહેલ છે. યોગ પર વધારે જાણવાની ઇચ્છાવાળા મુમુક્ષુએ યોગદૃષ્ટિ સમુચ્ચય અને જૈન દૃષ્ટિએ યોગ, યોગશાસ્ત્ર વગેરે પુસ્તકો વાંચવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિષ્ઠા અને સિદ્ધાંતને ભરખી જતો પ્રચાર

( નવચેતન જુલાઈ' ૬૭ માંથી )

કોઇ આ યુગને "ફેશનયુગ" કહે છે, કોઇ "બુદ્ધિયુગ" કહે છે, કોઈ "પ્રગતિયુગ" કહે છે, કોઇ "સભ્યતાનો યુગ" કહે છે, કોઈ "વિજ્ઞાન-યુગ" કહે છે અને કોઇ એથી આગળ વધીને એને "અણુયુગ" પણ કહે છે, હું આ યુગને "પ્રચારયુગ" કહું છું!

આ યુગમાં માનવીએ પોતાને ભૂષણરૂપ બને એવી અનેક નવી પ્રેરણાઓ અને નવી શક્તિઓ મેળવી છે. સાથે સાથે દૂષણરૂપ બને એવી અનેક હાનિકારક ટેવો પણ મેળવી છે. એવી ટેવોમાં 'પ્રચાર'ને આજના યુગનું એક મહાદૂષણ ગણી શકાય.

આમ તો પ્રચાર એ કંઈ દૂષણ નથી—એક પ્રામાણિક સાધન છે. "સત્ય વસ્તુ-સ્થિતિની બહોળા જનસમૂહને જાણ કરવી એ પ્રચાર." પણ ભૂલવું ન જોઇએ કે આમાં 'સત્ય' શબ્દ જ મહત્ત્વનો છે અને એ 'સત્ય' જ પ્રચારને 'પ્રામાણિક' રાખે છે. પ્રચારમાંથી સત્યનો જેટલે અંશે લોપ થાય એટલે અંશે એ પ્રચાર દૂષણ બની રહે છે.

આજના યુગમાં તો પ્રચારમાંથી સત્યનો લગભગ લોપ થઈ ગયેલો જણાય છે. મોટે ભાગે અસત્યભર્યા પ્રચારની જ આજના યુગમાં બોલબાલા છે-તે એટલે સુધી કે સત્ય બિચારું પ્રચારના આવરણથી લગભગ દટાઇ જાય છે! પરિણામે માનવાનું રહે છે પ્રચાર જે કહે તે અસત્ય કે અર્ધસત્ય.

આ વસ્તુસ્થિતિ આજની માનવજાતને સર્વથા અવળે રસ્તે દોરનારી હોઇ ભયંકર છે. આજના યુગમાં પ્રચારની પોકળતા એટલી બધી વધી ગઇ છે કે એવા પોકળ પ્રચારને "શૂન્યમાંથી સર્જન"ની ઉપમા આપી શકાય! કશું જ ન હોય ત્યાં આ પ્રચાર કોઈક વિરાટ દર્શનની ઝાંખી કરાવી દે છે! એ ઝાંખી વસ્તુત: તો ક્ષણિક હોય છે ને છેવટે નશ્વર પણ હોય છે. છતાં માનવી એમાં અંજાઈ જઈને એને જ સત્ય માની બેસે છે! આજના યુગનો પ્રચાર ઝાંઝવાનાં જળને સાચું જળ મનાવી શકે એટલો બધો ઠગારો બની ગયો છે!

પરિણામ એ આવ્યું છે કે એ પ્રચાર માનવીની નિષ્ઠાને અને માનવીના સિદ્ધાંતને ભરખી જાય છે. સિદ્ધાંતથી કે નિષ્ઠાપૂર્વક જીવન જીવનાર પ્રત્યે આ યુગમાં કોઈ નજર સરખીયે કરતું નથી! પણ પ્રચારનાં ઢોલ વગાડનાર તરફ સૌ સાશ્ચર્ય જુવે છે અને એથી મુગ્ધ પણ બને છે! બીજા શબ્દોમાં કહીએ તો જીવનની સાચી તપશ્ચર્યાને પ્રચાર ઢાંકી દે છે અને જીવનની નરી પોકળતાને તે આગળ લાવીને ભ્રામકતા ઊભી કરે છે.

આજના યુગના માનવીને પ્રચારના આવરણ હેઠળનું સત્ય શોધવાનો અવકાશ નથી. દરેક બાબતમાં આજના યુગની અતિશયતા આ પ્રચારને પોષે છે. પ્રચારથી જે નજરે ચઢે કે કાને અથડાય એને જ આજનો માનવી ગ્રાહ્ય માની બેસે છે અને પરિણામે મોટે ભાગે સત્યથી વંચિત જ રહે છે.

એટલે જરૂર છે પ્રચારને અવગણવાની, એને તત્કાળ ન માનવાની ને સત્યને શોધવાની. જરૂર છે શાંતભાવે સાચું કામ કરનારને પીછ-વાની અને ધાંધલિયા પ્રચારકોને દૂર હડસેલ-વાની. આજનો માનવી એ કરી શકશે ખરો?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

# પ્રભુદીવાની

એક નવયૌવના. પતિના વિરહે સુકાઈને કાંટો થઈ ગયેલી.

એટલામાં ખબર આવી છે કે પતિ આવે છે! પણ રે નિષ્ઠુર સાસુ–સસરા! નવયૌવનાને ઘરના એકાંતમાં મૂકી પોતે એકલાં એકલાં દીકરાના સામૈયે ચાલ્યાં ગયાં!

પ્રેમદીવાની યૌવનાનું અંતર તલસી રહ્યું છે. આખરે એ દીવાલ ઠેકી પતિને મળવા દોડી.

આ વખતે બાદશાહ અકબર શિકારેથી પાછો ફરતો હતો. સંધ્યાટાણું થઈ જવાથી મગરિબની નમાજ પઢવા ગાલીચો પાથરીને એ બેઠો હતો.

પ્રેમદીવાની બાઇ દોડતી એ ગાલીચા પરથી પસાર થઇ ગઇ; એના પગની ધૂળથી ગાલીચો રજે ભરાયો.

બાદશાહ કહે, 'જાઓ, એને અબી ને અબી હાજર કરો.'

નવયૌવનાને ત્યાં હાજર કરવામાં આવી.

બાદશાહે પૂછ્યું: 'આ બેઅદબી કરનાર તું હતી?'

સ્ત્રી કહે, 'મને ખબર નથી, જહાંપનાહ! હું મારા પતિની સુરતામાં મગ્ન હતી. કદાચ હું જ હોઉં, પણ હજૂર, આપ એ વખતે શું કરતા હતા?'

'નમાઝ પઢતો હતો.'

'કોની નમાઝ? અલ્લાહની? છતાં આપે મને જોઈ? આપે રજોટાયેલો ગાલીચો જોયો? રે, એક માટીના માનવીમાં હું મસ્તાની બની, ને દુનિયાના બાદશાહને ભૂલી ગઇ, તો આપ નમાઝમાં હતા, ને મારા જેવી નાચીજ ઔરતની હસ્તી વિસરી શકયા નહિ? હજૂર! દીવાના થયા વગર કોઇ દેવ અંતરમાં આવતા નથી!'

અકબર બાદશાહ ચૂપ થઇ ગયો.

(યશોવિજય ગ્રંથમાળા સ્મરણિકામાંથી)

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only